Vol. 5, Sp. Issue: 11, November: 2017 (IJRSML) ISSN: 2321 - 2853

# મહેસાણા શહેરની બી.ઍડ્. કોલેજોના તાલીમાર્થીઓની સ્વ-નિયંત્રણ શક્તિનો અભ્યાસ

ડો. ભામિની જી. પટેલ
માંકણજ પ્રાથમિક શાળા, તા. જોટાણા, જિ. મહેસાણા

**પ્રસ્તાવના**

આપણા સમાજની અસરકારક શિક્ષકો વગર કલ્પના કરવી મુશ્કેલ છે. શિક્ષકો બાળકોને એ રીતે અધ્યયન કરાવે છે જેના કારણે બાળકો આવતી કાલના વિશ્વને અદભૂત બનાવવામાં એક મહત્વની ભુમિકા પુરી પાડી શકે. અધ્યયન –અધ્યાપન પ્રક્રિયા દરમ્યાન વર્ગખંડમાં અને વર્ગખંડની બહાર શિક્ષકે એકસાથે ઘણા બધા કાર્યોનું મનન, ચિંતન, આયોજન અને અમલીકરણ કરવાનું હોય. જેવા કે વિદ્યાર્થીઓને અભિપ્રેરીત કરવા, વર્ગ ખંડમાં અસરકારક વ્યવસ્થાપન કરવું, વિદ્યાર્થીનું મુલ્યાંકન કરવું, પાઠ આયોજન કરવું, વિદ્યાર્થીના ગુણ પત્રક તૈયાર કરવા વગેરે જેવા અનેક કાર્યો સંપન્ન કરવાનાં હોય છે. જેના માટે શિક્ષકને પ્રત્યેક કાર્ય માટે ખૂબજ ધ્યાન તથા ધીરજની જરૂરીયાત હોય છે.

કોઈપણ કાર્યને અસરકારક રીતે તથા ગુણવત્તાસભર રીતે પૂર્ણ કરવા માટે શિક્ષકે પોતાના કાર્યના આયોજન અંગે સતત ચિંતન કરતા રહેવુ પડે છે. આ માટે શિક્ષકમાં સ્વ–નિયમન હોવુ અત્યંત અનિવાર્ય છે. સ્વ–નિયમનના પરિણામે શિક્ષક પોતાના કાર્યનું આયોજન તથા અમલીકરણ સુચારુરૂપે કરી શકે છે જેના પરિણામ સ્વરૂપે તે વિવિધ કાર્ય કરવા માટે તાણ, કંટાળો, કાર્યથી વિમુખતા જેવા મનોવૈજ્ઞાનિક કારણોથી પીડાતો નથી.

ગુણવત્તા સભર શિક્ષણ માટે સ્વ–નિયમનથી કેળવાયેલા શિક્ષક હોવા અનિવાર્ય છે. શિક્ષકમાં આ ગુણ કેળવવા માટે શિક્ષણની ઉપાધી આપતી મહાવિદ્યાલય તથા વિશ્વવિદ્યાલયોમાં પ્રશિક્ષણાર્થી વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓમાં સ્વ–નિયમન ગુણ કેળવાયેલા અધ્યેતા બનાવવા જરૂરી છે. કારણકે જે પ્રશિક્ષણાર્થીઓમાં આ ગુણ કેળવાયેલા હશે તે પ્રશિક્ષણાર્થી આપી કાર્ય અંગેના આયોજન માટેના સુનિશ્રિત ધ્યેય પસંદ કરશે; ધ્યેયને અમલમાં મુકવા માટે અસરકાર અધ્યયન પ્રણાલીને અપનાવશે; પોતાની શૈક્ષણિક પ્રગતિનું નિયમન કરશે તથા પરિણામોની સમીક્ષા કરશે. આમ જો શિક્ષણ – પ્રશિક્ષણ આપતી મહાવિદ્યાલયો તથા વિશ્વવિદ્યાલયોમાં પ્રશિક્ષણાર્થીઓમાં સ્વ–નિયમન ગુણ કેળવવામાં આવે તો તે સેવાકાલીન વિવિધ કાર્ય તથા જવાબદારી અસરકાર રીતે નિભાવી શકે છે.

## ૧.સંશોધનના હેતુઓ

૧ શિક્ષક પ્રશિક્ષણાર્થીઓ માટે સ્વ–નિયમન માપદંડની રચના તથા પ્રમાણીકરણ કરવું.
૨ શિક્ષક પ્રશિક્ષણાર્થીઓ તથા શિક્ષક પ્રશિક્ષણ વિદ્યાર્થીનીના સ્વ–નિયમનનો જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.
૩ શિક્ષક પ્રશિક્ષણણાર્થીઓ તથા શિક્ષક પ્રશિક્ષક વિદ્યાર્થીનીના સ્વ–નિયમનનો કોલેજના પ્રકારના સંદર્ભમાં અભ્યાસ કરવો.
૪ શિક્ષક પ્રશિક્ષણાર્થીઓ તથા શિક્ષક પ્રશિક્ષણાર્થીઓના સ્વ–નિયમનનો વિષયના સંદર્ભમાં અભ્યાસ કરવો.

## ૨.સંશોધનના પ્રશ્નો – સંશોધનની ઉપકલ્પનાઓ

**$Ho_1$** શિક્ષક પ્રશિક્ષણાર્થીઓ તથા શિક્ષક પ્રશિક્ષણાર્થીના સ્વ–નિયમન માપદંડ પર પ્રાપ્ત થયેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

**$Ho_2$**અનુદાનિત બી.એડ. કોલેજના તથા સ્વનિર્ભર બી.એડ. કોલેજના શિક્ષક પ્રશિક્ષણાર્થી તથા શિક્ષક પ્રશિક્ષણાર્થી ના સ્વ–નિયમનના માપદંડ પર પ્રાપ્ત થયેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

**Ho₃** ગુજરાતી વિષયના પ્રશિક્ષણાર્થી, અંગ્રેજી વિષયના પ્રશિક્ષણાર્થી, ગણિત વિષયના પ્રશિક્ષણાર્થી, એકાઉન્ટ વિષયના પ્રશિક્ષણાર્થી, હિન્દી વિષયના પ્રશિક્ષણાર્થી, સામાજિક વિજ્ઞાન વિષયના પ્રશિક્ષણાર્થી, વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના પ્રશિક્ષણાર્થી, સંસ્કૃત વિષયના પ્રશિક્ષણાર્થી, કોમ્પ્યુટર વિષયના પ્રશિક્ષણાર્થીના સ્વ–નિયમન માપદંડ પર પ્રાપ્ત થયેલી સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

**૩.સંશોધનના ચલ**

પ્રસ્તુત સંશોધનના ચલ નીચે પ્રમાણે દર્શાવેલ છે.

**Table No.1**

| ક્રમ | ચલનો પ્રકાર | ચલનું નામ | ચલનો પેટા પ્રકાર | ચલની કક્ષા |
|---|---|---|---|---|
| (૧) | પરતંત્ર ચલ | સ્વ–નિયમન | | |
| (૨) | સ્વતંત્ર ચલ | જાતી | (૧) પુરુષ<br>(૨) સ્ત્રી | બે |
| | | કોલેજનો પ્રકાર | (૧) અનુદાનિત<br>(૨) સ્વનિર્ભર | બે |
| | | વિષય | (૧) ગુજરાતી<br>(૨) અંગ્રેજી<br>(૩) ગણિત<br>(૪) એકાઉન્ટ<br>(૫) હિન્દી<br>(૬) સામાજિક વિજ્ઞાન<br>(૭) વિજ્ઞાન અને ટેકનોલોજી<br>(૮) સંસ્કૃત<br>(૯) કોમ્પ્યુટર | નવ |

**૪. સંશોધનનું ક્ષેત્ર**

પ્રસ્તુત સંશોધન મહેસાણા શહેરની બી.એડ. કોલેજના શિક્ષક પ્રશિક્ષણાર્થીઓના સ્વ–નિયમનના સંદર્ભમાં કરવામાં આવશે. આથી સંશોધનનું ક્ષેત્ર શૈક્ષણિક મનોવિજ્ઞાન છે.

**૫.સંશોધનના પ્રકાર**

પ્રસ્તુત સંશોધન મહેસાણા શહેરની બી.એડ. કોલેજના શિક્ષક પ્રશિક્ષણાર્થીઓના સ્વ–નિયમનના સંદર્ભમાં કરવામાં આવશે. આથી પ્રસ્તુત સંશોધનનો પ્રકાર વર્ણનાત્મક સર્વેક્ષણ સંશોધન પ્રકારનો છે.

**૬.સંશોધનની મર્યાદા**

સંશોધનની મર્યાદા નીચે પ્રમાણે રહેશે :

(૧)પ્રસ્તુત સંશોધન સંશોધનકર્તા દ્વારા નિર્મિત સ્વ–નિયમન માપદંડ દ્વારા પ્રાપ્ત થયેલ માહિતી પુરતુ મર્યાદિત રહેશે.

(૨)પ્રસ્તુત સંશોધન મહેસાણા શહેરની બી.એડ. કોલેજના પ્રશિક્ષણાર્થી વિદ્યાર્થી– વિદ્યાર્થીનીઓના સ્વ–નિયમનનો અભ્યાસ (અ) જાતિ (બ) કોલેજના પ્રકાર (ક) વિષય ચલ પુરતો મર્યાદિત રહેશે.

(૩)પ્રસ્તુત સંશોધન મહેસાણા શહેરની બી.એડ. કોલેજના શિક્ષક પ્રશિક્ષણાર્થી પુરતુ મર્યાદિત રહેશે.

(૪)પ્રસ્તુત સંશોધન સ્વ–નિયમન માપદંડ પર પ્રાપ્ત થયેલ માહિતી પુરતુ મર્યાદિત રહેશે.

### ૭.સંશોધનનું મહત્વ

શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમમાં અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા એ ખૂબજ મહત્વની અથવા અંગભૂત ઘટક છે. તેના દ્વારા શિક્ષક પ્રશિક્ષણાર્થી વિવિધ પ્રકારના શાળાકીય, સામાજિક તથા મનોવિજ્ઞાનીક વલણોના સંદર્ભમાં વ્યાપક અનુભવો મેળવે છે. શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમમાં પ્રશિક્ષણાર્થીઓએ અધ્યાપન અનુભવો મેળવવા માટે અનુભવોમાં પ્રાથમિક શાળાથી માંડી માધ્યમિક શાળામાં જવુ પડતુ હોય છે. જેના સંદર્ભમાં તેઓએ શાળાકીય ભાવાવરણ તથા વિદ્યાર્થીના સંદર્ભમાં પુરતી સમજ કેળવવાની હોય છે. આ ઉપરાંત અધ્યાપન અનુભવો મેળવવા માટે શિક્ષક પ્રશિક્ષણાર્થીઓએ સહઅભ્યાસીક પ્રવૃતિઓ તથા ઈતર પ્રવૃતિઓનું આયોજન તથા અમલીકરણ કરવાનું હોય છે. વળી શિક્ષક પ્રશિક્ષણના ભાગરૂપે શિક્ષક પ્રશિક્ષણાર્થીઓએ વિવિધ પ્રકારના સૈધ્ધાંતિક તથા પ્રાયોગીક કાર્યો કરવાના હોય છે જેના કારણે તેઓ સતત સમયની ખેંચ અનુભવે છે. પરિણામ સ્વરૂપે તાણ ઉત્પન્ન થાય છે. વોંગ તથા અન્ય (૨૦૦૬) ના અભ્યાસ પ્રમાણે વિશ્વવિદ્યાલયોમાં શિક્ષક પ્રશિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓમાં ૨૧ ટકા વિદ્યાર્થીઓમાં ચિંતા, ૪૧ ટકા ઉદાસી તથા ૨૭ ટકા વિદ્યાર્થીઓ તાણ જોવા મળ્યુ હતુ. જેના કારણે વિદ્યાર્થીઓની શૈક્ષણિક ઉપલબ્ધીની જીવનની ગુણવત્તા ઉપર વિપરીત અસર જોવા મળી હતી.

આમ શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમમાં વિદ્યાર્થી પોતાના સ્વ–નિયમન અંગે કેટલા જાગૃત છે તથા કેવા મંતવ્યો ધરાવે છે તે જાણવું અત્યંત અનિવાર્ય છે. આથી પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસકે મહેસાણા શહેરની બી.એડ. કોલેજના શિક્ષક પ્રશિક્ષણાર્થી વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓના પોતાના સ્વ–નિયમન અંગે કેવા ખ્યાલો ધરાવે છે તે સંદર્ભે સંશોધન હાથ ધરેલ છે.

### ૮.સંશોધનની પધ્ધતિ

પ્રસ્તુત સંશોધન મહેસાણા શહેરની બી.એડ. કોલેજના શિક્ષક પ્રશિક્ષણાર્થીઓના સ્વ–નિયમનના સંદર્ભમાં કરવામાં આવશે. આથી આ સંશોધનની પધ્ધતિ સર્વેક્ષણ પધ્ધતિ છે.

### ૯ . વ્યાપ વિશ્વ

પ્રસ્તુત સંશોધન મહેસાણા શહેરની બી.એડ. કોલેજના શિક્ષક પ્રશિક્ષણાર્થીઓના સ્વ–નિયમનના સંદર્ભમાં કરવામાં આવશે. આથી આ સંશોધનનું વ્યાપ વિશ્વ મહેસાણા શહેરની બી.એડ. કોલેજ છે.

### ૧૦ . નમુના પસંદગી

પ્રસ્તુત સંશોધન મહેસાણા શહેરની બી.એડ. કોલેજના શિક્ષક પ્રશિક્ષણાર્થીઓના સ્વ–નિયમનના સંદર્ભમાં કરવામાં આવશે. તેથી આ સંશોધનની નમુના પસંદગી મહેસાણા શહેરની બી.એડ. કોલેજો પૈકી કેટલીક કોલેજોને સહેતુક નમુના ટેકનીકથી કરવામાં આવશે.

### ૧૧. ઉપકરણ

પ્રસ્તુત સંશોધન મહેસાણા શહેરની બી.એડ. કોલેજના શિક્ષક પ્રશિક્ષણાર્થીઓના સ્વ–નિયમનના સંદર્ભમાં કરવામાં આવશે. તેથી આ સંશોધન માટે સંશોધનકર્તા દ્વારા STUDENT TEACHER SELF-REGULATION SCALE માપદંડની રચના કરવામાં આવશે.

### ૧૨ . માહિતી એકત્રીકરણ

પ્રસ્તુત સંશોધન મહેસાણા શહેરની બી.એડ. કોલેજના શિક્ષક પ્રશિક્ષણાર્થીઓના સ્વ–નિયમનના સંદર્ભમાં કરવામાં આવશે. તેથી આ સંશોધન માટે સંશોધનકર્તા સ્વ–નિયમન માપદંડની રચના કરશે અને આ રીતે માહિતી એકત્રીકરણ કરશે.

### ૧૩ . માહિતીનું પૃથ્થકરણ

પ્રસ્તુત સંશોધન માટે માહિતીનું પૃથ્થકરણ કરવા માટે મધ્યક , પ્રમાણિત વિચલન t-value, F -value ની ગણત્રી કરવામાં આવશે.

Vol. 5, Sp. Issue: 11, November: 2017 (IJRSML) ISSN: 2321 - 2853

**સંદર્ભ સૂચિ**


1. Barnes, M (2003). Exploring Teacher's understating of pupil motiovation, Educational Psyuchology in Standard 7(1)
2. Baumeister, R.F. & Vohs, K.D. (2007). Self regulation ego depletion, and Motivation, Social and Personality Psychology Coupars, 1, 1-14.
3. Chow wah (1996). Goal Orientation, self-concepts and self-Regulation in Teaching Practice in Master of Philosophy in Education http://www1.fed.cuhk.edu.hk/en/index.htm
4. Karoly, P (1993). Mechanisms of Self-Regulation: A sustem view, Annual Review of Psychology, 44, 23-52.
5. Lars-Erik, Malmburg (2004). Goal Orientation and Teacher Motivation among Teacher Appointing and Student Teacher.
6. Schunk, P.H. (1990). Goal setting and self-efficiency during self regulated Learning Educational psuchologist, 25, 71-86.
7. Zimmerman, B.J. (1989). A social Cognitive view of self-regulated academic Learning Journal of Educwtion, Psychology, 81, 329-339